| Innovation ID | DTP0010000006254 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** રીંગણ (Solanum melongena), મરચી (Capsicum annuum), ટામેટા (Lycopersicon esculentum)માં ફૂલખરણ

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** Lok-૯(૧)Jan-feb.,૨૦૦૪, pg.no. ૬

**Brief** રીંગણ (Solanum melongena), મરચી (Capsicum annuum), ટામેટા (Lycopersicon esculentum)માં ફૂલખરણ અટકાવવા માટે દરિયાઈ શેવાળ (Sea weed)નો ઉપયોગ

**Detail** ખેડૂતો બિનરાસાયણિક પદ્ધતિએ અવનવા પ્રયોગો કરી વધુ ઉત્પાદન મેળવતા હોય છે.
જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના સરખડી ગામના શ્રી અરશીભાઈ ભાણાભાઈ વાળા દરિયાઈ શેવાળ (Sea weed)નો ઉપયોગ કરે છે. ખેડૂતના જણાવ્યા મુજબ, ૨ કિલો દરિયાઈ શેવાળને સ્વચ્છ પાણીથી ધોઈ નાખી સુકવ્યા પછી વાટી નાખવી. બાદમાં આ શેવાળને ત્રણ લિટર પાણીમાં દ્રાવણ અડધુ થાય ત્યાં સુધી ઉકાળવામાં આવે છે. ઉકાળવાથી દ્રાવણ ઘટ્ટ ચીકાસ વાળુ બને છે અને દુર્ગંધ ફેલાવે છે. આ ગરમ કંતાન વડે ગાળી લેવામાં આવે છે. બાદમાં ઠંડું થયા પછી ઝીણા કપડા વડે ગાળી લેવામાં આવે છે. ખેડૂતના અનુભવ મુજબ તૈયાર થયેલા દ્રાવણને ૧૦ લિટર પાણીમાં ૨૫૦ મિલી પ્રમાણે ઉપયોગ કરવાથી ફાયદો થાય છે.

ખાસ કરીને રીંગણ (Solanum melongena), મરચી (Capsicum annuum), ટામેટા (Lycopersicon esculentum) જેવા પાકોમાં ફૂલ આવવાની અવસ્થાએ છંટકાવ કરવાથી ફૂલ ખરતાં અટકે છે અને છોડનો વિકાસ સારો થાય છે. પાકમાં કોકડવા થયો હોય ત્યારે દસ-દસ દિવસનાં અંતરે બે વખત છંટકાવ કરવાથી કોકડવાની અસર નાબૂદ થઈ જાય છે.
સૂકા શેવાળ કરતાં તાજી અને લીલી દરિયાઈ સેવાળ વધુ ફાયદાકારક છે.

ખેડૂતના છેલ્લાં ત્રણ વર્ષનાં અનુભવ મુજબ આ પદ્ધતિથી ૧૦ ટકાથી વધુ ઉત્પાદન મળે છે. આ પદ્ધતિમાં સૂકી શેવાળ કરતાં તાજી અને લીલી દરિયાઈ શેવાળ વધુ ફાયદાકારક માલૂમ પડેલ છે. ચોમાસાથી દિવાળી દરમ્યાન લીલી દરિયાઈ શેવાળ વધુ સુલભ હોય છે.
કચ્છમાં રાયણ ગામનાં શ્રી વિજ્ય શાહે પણ દરિયાઈ શેવાળનો ઉપયોગ કરી સારાં પરિણામો મેળવ્યાં છે.

(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૨૨-૮-૨૦૦૬માં કિરણભાઈ. આર. રાઠવાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે. અને હાલ ઉપયોગ કરે છે.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** દરિયાઈ શેવાળ (Sea weed)

**IPR Status**

**Keywords** પાક સંરક્ષણ, ફૂલખરણ, રીંગણ, Solanum melongena, ટામેટા, Lycopersicon esculentum, મરચી, Capsicum annuum, દરિયાઈ શેવાળ, sea weed , જૂનાગઢ

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૯૩ | Member Type | Scout | | |
| First Name | પ્રવિણ | Middle Name | એચ | Last Name | રોહિત |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો-ખોરવાડ | | | Taluka | ઉમરેઠ |
| District | Anand | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૩૧૯ | Member Type | Innovator | | |
| First Name | અરશીભાઈ | Middle Name | ભાણાભાઈ | Last Name | વાળા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મું. સરખડી | | | Taluka | કોડીનાર |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર તેઓની ઉંમર ૫૫ વર્ષની છે. પોતે B. A. Bed નો અભ્યાસ કરેલા છે. હાલ કોડિનારથી ૫ કિ.મી, દુદાણા ગામે શિક્ષક તરીકેની માધ્યમીક શાળામાં ફરજ બજાવે છે. રહેવા માટે પાકું મકાન છે. ઘરમાં ચાર સભ્યો છે. એક દિકરી અને એક દિકરો છે. જે બન્ને અભ્યાસ કરે છે. જમીન ૭ વિઘા છે. મગફળી, કપાસની ખેતી કરે છે. જમીન પર કૂવો આવેલો છે. પરંતુ તેમાં પાણી ખારું હોવાથી પિયતમાં લઈ શકાતું નથી. માત્ર ચોમાસું ખેતી કરે છે. આવકનું સાધન ખેતી વ્યવસાય અને શિક્ષકની છે. ખેતીમાં ઘણો બધો રસ ધરાવે છે. દરેક તહેવારો રસપૂર્વક ઉજવે છે.

ગામનો પરિચય:
સરખડી ગામ કોડિનાર તાલુકાથી ૯ કિમીના અંતરે આવેલું ગામ છે. જે જૂનાગઢ જિલ્લાથી ૧૩૬ કિમીના અંતરે આવેલું ગામ છે. ગામની વસ્તી ૫૦૦૦ લોકોની છે. દરેક જ્ઞાતિના લોકો રહે છે. પરંતુ કારડીયા, રજપુત જ્ઞાતિના લોકો વધારે છે. મોટા ભાગે ખારા પાણીવાળી જમીનો જોવા મળે છે. દરિયાકિનારાથી ૧.૫ કિમીના અંતરે આવેલું ગામ હોવાથી ખારાશ જોવા મળે છે. આ વિસ્તારમાં નાળીયેરી, મગફલી, ઘઉં, કપાસ વગેરે પાકોની ખેતી થાય છે. કોડિનારથી વાહનો મળી રહે છે. ગામમાં ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળા અને ૮ થી ૧૦ની માધ્યમિક શાળા આવેલી છે. મોટા ભાગના લોકો ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા છે. દરેક તહેવારો ગામમાં ઉજવવામાં આવે છે. ગામમાં મેઈન રસ્તા પાકા છે. અને લોકો પાકા તેમજ કાચા નળીયાવાળા મકાનમાં રહે છે. ખારાશવાળું પાણી હોવાથી ચોમાસું ખેતી વધારે થાય છે. એકંદરે પરિસ્થિતિ સારી છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૫ | Member Type | Verifier | | |
| First Name | કિરણસિંહ | Middle Name | રતનસિંહ | Last Name | રાઠવા (ચૌહાણ) |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. મેઘરી, પો. કંજેટા | | | Taluka | ધાનપુર |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |